RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 80 * Date: 11.1.2026,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

E mail - prdpraval@yahoo.co.uk

## સોમનાથમાં પીએમ મોદીએ હાથમાં ત્રિશુળ ઉપાડ્યું:ભવ્ય ડ્રોન-શો બાદ આતશબાજીથી સોમનાથ મંદિર પરિસરનું આકાશ છવાયું





વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે છે. હેલીકોપ્ટર મારફત રાજકોટથી સોમનાથ પહોંચીને પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં યોજાઈ રહેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ ૨૦૨૬'માં આજે (૧૦ જાન્યુઆરી) સાંજે સહભાગી થયા છે. પીએમ મોદી હેલીપેડથી ફર્ફૈ ગેસ્ટ હાઉસ પહોંચ્યા હતા, જ્યાં તેમની અધ્યક્ષતામાં સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠક યોજાઈ હતી.

સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠક પૂર્ણ કરીને પીએમ મોદી હમીરજી સર્કલથી પગપાળા સોમનાથ મંદિર પહોંચ્યા હતા, જ્યાં દિગ્વિજય દ્વાર પર સાધુ-સંતોનું અભિવાદન ઝીલ્યું હતું અને ૭૨ કલાકના ઓમકાર જાપ અનુષ્ઠાનમાં જોડાયા હતા.

ત્યારબાદ વડાપ્રધાન મોદીએ સોમનાથ મહાદેવના દર્શન કરી જલાભિષેક કર્યો હતો અને બાદમાં મંદરી પરિસરમાં ડભવ્ય ડ્રોન શો નિહાળ્યો હતો. વડાપ્રધાન મોદીની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ જોડાયા હતા.

વડાપ્રધાન મોદીએ સોમનાથ મંદિર પરિસરમાં ભવ્ય ડ્રોન-શો નિહાળ્યો. આ ડ્રોન-શોમાં કુમારપાળ સોલંકી, માતા અહિલ્યાબાઈ હોલકર અને વીર હમીરજી ગોહિલની ઝાંખીના અદભૂત દશ્યોથી મંદિર પરિસરનું આકાશ છવાઈ ગયું હતું. આ સાથે જ વિવિધ કૃતિઓ ડ્રોન-શોમાં રજૂ કરાઇ.

ગઝનવીના આક્રમણનાં ૧૦૦૦ વર્ષ અને મંદિરની પ્રાણપ્રતિષ્ઠાનાં ૭૫ વર્ષના ઐતિહાસિક સંગમ ટાણે આયોજિત આ ઉત્સવમાં નાની બાળાઓથી લઈને વયોવૃદ્ધ બહેનો સુધીની ૧૦૦ આહીરરાણી પરંપરાગત વેશભૂષા અને લોકસંગીતના તાલે સંસ્કૃતિનું ગૌરવ રજૂ કરશે. સોમનાથ મંદિર પરિસરમાં અત્યારે મહારાસના આખરી ઓપના રિહર્સલ સાથે ભક્તિ અને શક્તિનો અનોખો માહોલ સર્જાયો છે.

## વિશ્વમાં ભારે ઉથલપાથલ વચ્ચે બંગાળની ખાડીમાં દબદબો વધારશે ભારત! ચીન-બાંગ્લાદેશ પર રહેશે નજર

છેલ્લા કેટલાક વર્ષથી ભારતના તેના પાડોશીઓ સાથેના સંબંધ ઘટ્યા છે. જેમાં પાકિસ્તાન સાથેનો તણાવ વર્ષો જૂનો છે. જ્યારે ચીન અને બાંગ્લાદેશ જેવા દેશમાં પણ સંબંધ વધુ ખરાબ થઈ રહ્યા છે. તેવામાં કોઈપણ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવા માટે ભારતીય સેના અને નૌસેના પૂરી રીતે તૈયાર રહે છે. આમ, વિશ્વમાં ભારે ઉથલપાથલ વચ્ચે બંગાળની ખાડીમાં ભારત દબદબો વધારશે. જેમાં ઈન્ડિયન નેવી બંગાળના હલ્દિયામાં બંગાળની ખાડીમાં નવો બેઝ તૈયાર કરવા જઈ રહી છે, જેનાથી ચીન અને બાંગ્લાદેશ માટે આફત ઊભી થઈ છે. ત્યારે ચીન-બાંગ્લાદેશની તેના પર નજર રહેશે. બંગાળની ખાડીમાં તૈયાર થનારા નેવી બેઝ પર યુદ્ધ જહાજો તૈનાત કરવામાં આવશે. આ બેઝ દ્વારા ભારત કોઈપણ સમયે ચીન અને બાંગ્લાદેશની હરકતોનો જડબાતોડ જવાબ આપી શકશે. આનાથી નૌસેનાની તાકાતમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે.મળતી માહિતી મુજબે, હલ્દિયા ડૉક કોમ્પ્લેક્સનો ઉપયોગ શરુઆતમાં નેવી બેઝ તરીકે કરવામાં આવશે. ફાસ્ટ ઈન્ટરસેપ્ટર ક્રાફ્ટ અને નવા ૩૦૦-ટન વોટર જેટ ફાસ્ટ એટેક ક્રાફ્ટને અહીં તૈનાત કરવામાં આવશે. આ હાઇ-સ્પીડ એટેક ક્રાફ્ટ છે, જે પ્રતિ કલાક ૪૦-૪૫ કલાક પ્રતિ નોટિકલ માઇલની ઝડપે દોડવા સક્ષમ છે.

## શિયાળાની ઠંડીમાં આત્મન ફાઉન્ડેશન દ્વારા વિવિધ શાળાઓના બાળકોને સ્વેટરની હૂંફ... સાથે સરસ પ્રશ્નોત્તરી કરાઈ ..ઇનામો અપાયાં



આત્મન ફાઉન્ડેશન દ્વારા દર શિયાળામાં વિવિધ વિસ્તારોના બાળકો, વડીલોને સ્વેટરની હૂંફ પહોંચાડવામાં આવે છે. ક્યારેક ખૂબ અંતરિયાળ વિસ્તારોમાં રૂબરૂ જઈને પણ સ્વેટર વિતરણ કરવામાં આવે છે.તાજેતરમાં સંસ્થા દ્વારા ગાંધીનગરની સેક્ટર -૧૬, સેકટર - ૭ ની સરકારી પ્રાથમિક શાળાઓ અને ગ્રામ ભારતી સંસ્થાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિધાર્થીઓને સ્વેટર અર્પણ કરી હૂંફ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.શાળાઓના વિધાર્થીઓ સાથે સામાન્ય જ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, રાજ્ય અને દેશ વિશે, ઋતુઓ અંગે રસપ્રદ પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. ત્વરિત અને સાચા જવાબ આપનારને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. એકાગ્રતાથી અભ્યાસ કરવાથી જીવનમાં આગળ વધી શકાય, એની ઉદાહરણ સાથે વાત કરવામાં આવી હતી. તમારે શું બનવાની ઈચ્છા છે, એના જવાબમાં બાળકોએ પોતાની ગમતી કારકિર્દી વિશે વાત કરી હતી. વિધાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ક્વિઝમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થા વતી પ્રજ્ઞા પટેલ, શંકરભાઈ ચૌહાણ, રાજેન્દ્રભાઈ રાવલ, શાળાઓના આચાર્ય, શિક્ષકોએ આયોજન સંભાળ્યું હતું.

## આત્મનિર્ભર હણોલ મહોત્સવમાં રાજ્યપાલ, કેન્દ્રિય મંત્રી, ખેલાડીઓ સહિત ખ્યાતનામ હસ્તીઓ જોડાશે



ભાવનગર તા.૧૦/૦૧/૨૦૨૬

પાલિતાણા તાલુકાના હણોલ ગામે તા. ૧૩મી જાન્યુઆરીથી ૧૫મી જાન્યુઆરી દરમિયાન યોજાનાર ત્રણ દિવસીય 'આત્મનિર્ભર હણોલ મહોત્સવ-૨૦૨૬' ગ્રામિણ વિકાસ, સ્વાવલંબન અને જનસહભાગિતાનો અનોખો ઉત્સવ બનવા જઈ રહ્યો છે. આ મહોત્સવમાં દેશ અને રાજ્યના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહી વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

મહોત્સવના વિવિધ દિવસોમાં કૃષિ, ગ્રામિણ વિકાસ, રોજગાર, યુવા શક્તિ, રમતગમત, ટેકનોલોજી અને સંસ્કૃતિ સંબંધિત કાર્યક્રમો, પરિસંવાદો, પ્રદર્શનો તથા લોકાર્પણો યોજાશે. ગ્રામિણ ભારતને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે આ મહોત્સવ એક પ્રેરક મંચ પૂરું પાડશે.

મહોત્સવના પ્રથમ દિવસે ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામિણ વિકાસ મંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણ, શ્રમ અને રોજગાર, રમતગમત તથા યુવા બાબતોના કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ ખેલાડી અને ઈન્ડિયન ઓલિમ્પિક એસો.ના પ્રેસિડન્ટશ્રી પી. ટી. ઉષા, તેમજ ગુજરાત રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા સહિતની ઉપસ્થિતિમાં મહોત્સવનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવશે.

રાજ્યપાલશ્રીના વિશેષ કાર્યક્રમો

મહોત્સવના દરમિયાન ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી હણોલ ગામે રાત્રિ રોકાણ કરશે, જે ગ્રામિણ જીવન સાથે તેમની સીધી જોડાણની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. રાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક ખેતી વિષયક પરીસંવાદ યોજવામાં આવશે, જેમાં ખેડૂતોને કુદરતી ખેતીના લાભો, અનુભવ અને માર્ગદર્શન આપવામાં આવશે.

આ સાથે રાજ્યપાલશ્રી પ્રભાત ફેરીમાં ગ્રામજનો સાથે જોડાશે તેમજ ગ્રામ સફાઈ અભિયાનમાં ભાગ લઈ સ્વચ્છતા અને સામૂહિક જવાબદારીનો સંદેશ આપશે.

અન્ય પ્રતિષ્ઠિત મહેમાનોની હાજરી:

મહોત્સવના અન્ય દિવસોમાં ગુજરાતના રાજ્યપાલશ્રી સાથે સાથે 'મેડ ઈન ઈન્ડિયા' વિચારધારાના પ્રણેતા અને ઝોહો (ૐર્ૈ) ના સ્થાપક શ્રીધર વેમ્બુ, ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન શ્રી કપિલ દેવ, તેમજ રામાયણ સીરીયલના રામના પાત્રથી લોકપ્રિય બનેલા અભિનેતા અને સાંસદ શ્રી અરુણ ગોવિલ પણ મહોત્સવને ગૌરવ આપશે.

આત્મનિર્ભરતા અને જનસહભાગિતાનો મહોત્સવ:

'આત્મનિર્ભર હણોલ મહોત્સવ' દ્વારા ખેડૂત ભાઈઓ, યુવાનો, મહિલા સ્વસહાય જૂથો, કારીગરો અને ગ્રામ ઉદ્યોગકારોને નવી દિશા અને પ્રેરણા મળશે. પ્રાકૃતિક ખેતી, સ્થાનિક ઉત્પાદન, સ્વચ્છતા, આરોગ્ય અને ટેકનોલોજી જેવા વિષયો પર આ મહોત્સવ ગ્રામિણ વિકાસ માટે માર્ગદર્શક સાબિત થશે.

જનતાને આમંત્રણ:

આયોજકો દ્વારા હણોલ તથા આસપાસના ગામોના નાગરિકો, ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને તમામ જનતાને આ ત્રણ દિવસીય ઐતિહાસિક મહોત્સવમાં મોટી સંખ્યામાં જોડાવા માટે ભાવપૂર્વક આમંત્રણ આપવામાં આવ્યું છે.



આજે ઈસનપુર જયમાલા ચોક ખાતે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા અમદાવાદ શહેર દ્વારા આયોજિત અને સ્થાનિક કાઉન્સિલર બજેટ ના સહયોગ થી ભગવાન પરશુરામ દાદા ની મૂર્તિ ના અનાવરણ પ્રસંગે મણિનગર ના ધારાસભ્ય મા શ્રી અમુલ ભાઈ ભટ્ટ .વેજલપુર ના ધારાસભ્ય મા શ્રી અમિતભાઈ ઠાકર જીય્મ્ઈ ના પ્રમુખ શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી.મહામંત્રી શ્રી દિનેશભાઈ રાવલ ..ટ્રસ્ટી શ્રી અમિતભાઈ દવે..પ્રવક્તા શ્રી આશિષભાઈ મહેતા મહિલા મહામંત્રી શ્રી ડોલીબેન દવે.. મ્યુ કાઉન્સિલર શ્રી શંકરલાલ ચૌધરી..શ્રી મૌલિકભાઈ પટેલ ..શ્રી ગીતાબેન સોલંકી..શ્રી મોના બેન રાવલ..ઈસનપુર સંગઠન ના પ્રમુખ શ્રી મહામંત્રી તથા વિશ્વ હિન્દુ પરિષદ મણિનગર જિલ્લા ટીમ તથા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા અમદાવાદ શહેર ના દરેક ઝોન ના પ્રમુખ શ્રી મહામંત્રી શ્રી યુવા ટીમ ..તેમજ મહિલા ટીમ તેમજ ખૂબ મોટી સંખ્યા માં આવે ભૂદેવો ઉપસ્થિત રહ્યા અને વૈદિક મંત્રોચ્ચાર સાથે સંપૂર્ણ વાતાવરણ દિવ્ય બન્યું અને ચારે બાજુ જય જાય પરશુરામ ના નારા અને જયઘોષ થી વાતાવરણ ભક્તિ મય બન્યું. આ પ્રસંગે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા અમદાવાદ શહેર ના પ્રમુખ શ્રી અનિલભાઈ જોશી ..મહામંત્રી શ્રી રૂપેશભાઈ પંડયા અને અશ્વિનભાઈ દવે દ્વારા સર્વે ની આભાર વિધિ કરવા માં આવી હતી


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions
SMRITI VAN EARTHQUAKE MUSEUM
કચ્છ અને સૌરાષ્ટ્ર
11 અને 12 જાન્યુઆરી, 2026
ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ
કેન્દ્રિત ક્ષેત્રો
સિરામિક્સ
MSMEs
એન્જિનિયરિંગ
સ્ટાર્ટઅપ્સ
મિનરલ્સ
પેટ્રોકેમિકલ્સ
મત્સ્યોદ્યોગ
ટેક્સ્ટાઇલ
પૉર્ટ્સ અને લોજિસ્ટિક્સ
કૌશલ્ય વિકાસ
પ્રવાસન અને સંસ્કૃતિ
કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ
મશીનરી અને ઈક્વિપમેન્ટ
બ્લૂ ઈકોનૉમી
કૉન્ફરન્સની વિશેષતાઓ
ઉદ્ઘાટન સમારોહ
સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
રાષ્ટ્રવ્યાપી સેમિનાર
પેનલ ચર્ચાઓ
સીઈઓ રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
સ્ટાર્ટઅપ સન્માન સમારોહ
B2B / B2G મીટિંગ્સ
વિશેષ પ્રવાસ
ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
પ્રાદેશિક MSME કૉન્ક્લેવ
પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
ટ્રેડ શો/પ્રદર્શન
રિવર્સ બાયર-સેલર મીટિંગ
ઉદ્યમી મેળો
વિક્રેતા વિકાસ કાર્યક્રમ
સાંસ્કૃતિક કાર્યક્રમ
સમાપન સત્ર
વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન
11 થી 15 જાન્યુઆરી, 2026 | સવારે 10:00 થી સાંજે 5:30 વાગ્યા સુધી
ભવ્ય ઉદ્ઘાટન
માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્ર મોદીના
વરદ્હસ્તે
ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
11 જાન્યુઆરી, 2026, રવિવાર | 12:30 વાગે | મારવાડી યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાત
"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
ભાગીદાર દેશ
Japan
Rwanda
South Korea
Ukraine
લાઈવ પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat vibrantgujarat vibrantgujarat vibrant_gujarat vibrantgujarat
વેબસાઈટ પર પહોંચવા માટે સ્કેન કરો
લૉકેશન પર પહોંચવા માટે સ્કેન કરો
ભાગીદાર સંસ્થાઓ
icbc INDO CANADIAN BUSINESS CHAMBER
JETRO Japan External Trade Organization
US-INDIA STRATEGIC PARTNERSHIP FORUM
U.S.-India Business Council
THE WORLD BANK IBRD • IDA | WORLD BANK GROUP
ACMA
IACC INDO-AMERICAN CHAMBER OF COMMERCE
UIBC
kotra Korea Trade-Investment Promotion Agency
FEBI
AMCHAM INDIA


सत्यमेव जयते
ગુજરાત સરકાર
सोमनाथ स्वाभिमान पर्व
अटूट आस्था के
1000 वर्ष
“ વર્ષ 1026 ના એક હજાર વર્ષ પછી આજે 2026 માં પણ સોમનાથ મંદિર દુનિયાને સંદેશ આપી રહ્યું છે કે,
મિટાવી દેવાની માનસિકતા ધરાવનારાઓ ખતમ થઈ જાય છે, જ્યારે સોમનાથ મંદિર
આજે આપણા વિશ્વાસનો મજબૂત આધાર બનીને અડીખમ ઊભું છે. ”
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી
11મી જાન્યુઆરીના વિશેષ કાર્યક્રમ
સવારે 10 વાગે, સોમનાથ મંદિર માટે અગણિત વીરોના અદમ્ય શૌર્ય અને બલિદાનની
સ્મૃતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી શૌર્ય યાત્રા
સવારે 10:30 વાગે, શૌર્ય સભામાં વડાપ્રધાનશ્રીનું વિશેષ સંબોધન
મહાભિષેક | મહાઆરતી
સવારે 10 વાગે ડીડી ન્યૂઝ ઉપર જીવંત પ્રસારણ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No.384.**

વિષય:- મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, શ્રદ્ધા, વિશ્વાસ અને હુંફ.
પ્રકાર :ગદ્ય શબ્દ,:-૨૬૮.
શીર્ષક : જીવન અમૃત

માનવ જીવન ઈશ્વરે આપેલી એક ભેટ છે. સબંધો અને લાગણી ની અતૂટ જોડાણ વાળી કડી છે. જે તેમાં ગોઠવાઈ જાય છે તે હંમેશ માટે તેની સાંકળ માં ગોઠવાઈ જાય છે. ચાહે કુટુંબ હોય કે સમાજ હોય કે દુનિયાની કોઈ પણ વ્યક્તિ હોય તે એક વાર તેના મળતાવડા સ્વભાવની સાથે આંખથી આંખ મિલાવે છે. ત્યારે પ્રેમની લાગણીનો અનેરો સબંધ તેની આંખોમાં ઉભરાઈ આવે છે અને તે જન્મો જન્મની યાદોને ફરી તાજી કરાવે છે. આ લાગણી સભર અવસર માનવ જીવનની એવી ક્ષણ હોય છે તે કયારેય વિસરાતી નથી તેવો પ્રેમ હોય છે.આનંદ અને ઉલ્લાસથી ઊભરાતું હૃદય હંમેશા સત્યને પ્રકાશિત કરવા માટે લાગણી અને માંગણી ઈશ્વર પુરી કરે છે માટે ઈશ્વરની આપેલી ભેટ છે. ઘણી વાર ત્યાગ અને બલિદાન પણ આપવું પડે છે ત્યારે સેવા,સ્નેહ,સંયમની જરૂર હોય છે જે ઘડપણમાં લાકડીનું કામ કરે તેવો અહેસાસ કરાવે છે.સુખ દુઃખને સાથે રાખી જીવવાની પ્રેરણા લેવાની પ્રેરણા મળે અને આનંદ અને ઉલ્લાસ સાથે હસતા હસતા અહીંથી વિદાય લેવાનું થાય.જન્મથી મૃત્યુ સુધીની સફરને ખેડવાની એક જ કડી છે જે માનવ જીવનનો આધાર સત્ય, પ્રેમ અને લાગણી પર ટકેલો છે.સત્ય આપણને સાચો માર્ગ બતાવે છે વિચાર, શબ્દ અને કર્મમાં સત્ય હોય તો જીવનમાં વિશ્વાસ અને શાંતિ રહે છે. પ્રેમ જીવનને અર્થ આપે છે પ્રેમ વગરનું જીવન સુકું છે, પ્રેમથી સંબંધો જીવંત બને છે. લાગણી માણસને માણસ બનાવે છે.બીજાનું દુઃખ સમજવાની, સહાનુભૂતિ રાખવાની શક્તિ આપે છે. જ્યારે સત્યમાં પ્રેમ અને લાગણી જોડાય, ત્યારે માનવ જીવન સુંદર,અર્થપૂર્ણ અને સમાજ માટે ઉપયોગી બને છે.જીવનને તમામ તત્વોનો રસ પીવડાવી અમૃતમય જીવન જીવવું જોઈએ" જેને જીવન અમૃત" કહેવાય.
-ડૉ સતિષ એસ.પટેલ "પ્રકૃતિ રક્ષક " (અમદાવાદ ).

★★★★★★★

**NOGSS NO 205**

વિષય..મનુષ્ય જીવન એટલે સત્ય પ્રેમ લાગણી શ્રધ્ધા વિશ્રવાસ અને હુફ
પ્રકાર ..ગ્રધૅ શબ્દ..૨૫૦
શીષૅક..જીવન ના ચાર સ્તભ

સત્ય નો પાયો મકકમ તેની શાન છે
હોય ભલે કડવુ પણ ઈશ્રવર નુ વરદાન છે

ખોટા આ જગત મા પ્રભુ ને પકડી ને રાખજો

અંતે તો વિજય તેનો થાશે
આ દુનિયા ઝુકી જાશે

પ્રેમ વગર ની આ જીદગી
જાળે કોરો કાગળ છે

જેના હૈયા મા વસે શે
પ્રિત તેજ સાચુ વરદાન છે

જે સ્વાથૅ વગર વરસે તેને કરીએ વ્હાલ
જે પ્રેમ મા ડુબી ગયા તો તેનો બેડો પાર

લાગણી ની એવી નદી જે
અંદર થી વહે છે
કહ્યા વગર ઘણુ બધુ કહી દેશે

દરેક શબ્દ ની પાછળ છુપાયેલો છે ભાવ
લાગણી ના સંબધો મા જ સુખ નો સાચો પડાવ

વિશ્રવાસ ની દોરી કાચ જેવી હોય છે
તુટી જાય એકવાર તો કયા કોય સાધે છે

બંધાયેલા હોય જો મજબુત
સંબધ તો વિશ્રવાસ રાખજો

જો આ ચાર મળે જીવન મા તો
આ પથીક કહે છે કે તેને સ્વૅગ માનજો

કવિ શ્રી વિજયસિહ ઝાલા પથીક ઢવાણા હળવદ

★★★★★★★

**NOGSS NO -400**

વિષય..મનુષ્ય જીવન એટલે સત્ય પ્રેમ લાગણી શ્રધ્ધા વિશ્રવાસ અને હુફ

પ્રકાર ..ગ્રધૅ શબ્દ.-૧૮૦
શીષૅક..જીવનમાંથી જીવન

મેઘધનુષ્ય નાં અવનવા રંગોથી ખીલતાં આભની જેમ માનવ જીવનનું સૌંદર્ય સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ અને હૂંફનાં રંગો થી ખીલે છે.

સત્યનો આવિષ્કાર,સ્વીકાર અને સાથ મનુષ્યત્વને મજબૂતાઈ બક્ષે છે.સત્યના પથે પ્રયાણ કરવાથી વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા જીવનને સમૃદ્ધ બનાવે છે.

પ્રેમ જીવનની મૂળભૂત જરૂરિયાત છે જે દરેક તબક્કે દરેક સંબંધમાં વ્યક્ત થાતી -કરાતી હોય છે. જે જીવનમાં પ્રાણ પૂરે છે. અલગ અલગ સંબંધોમાં અલગ અલગ નામે મળતો-કરાતો પ્રેમ વ્યક્તિની આંતરિકતાને ખીલવે છે .

જીવનનો ધબકાર બની સુનકાર મીટાવે તે લાગણી.સુકાયેલા છોડ પર પાણીની વાંછટની જેમ લાગણી મનુષ્ય જીવનને ખીલવે છે,તરબતર કરે છે .

સ્વ પર અને અન્ય પર વિશ્વાસ રાખનાર -મેળવનાર વ્યક્તિ હંમેશા અડગ મનનો બને છે અને વિશ્વાસના જોરે નામના,સફળતા, અને ખ્યાતિ આસાનીથી પ્રાપ્ત કરી શકે છે.

શ્રદ્ધા તો જીવનનો દીપક છે જે પથદર્શક પણ છે અને જીવન રક્ષક પણ છે.

સૌથી વધુ અનુભવાતી સંવેદના એટલે હુંફ. સ્નેહ ભર્યો સ્પર્શ, મીઠી નજર, સાંત્વનાના બે શબ્દો જીવનને સલામતી બક્ષે છે, નિર્ભય કરે છે.

આ મૂળભૂત તત્વો જીવનની આંતરિક યાત્રા અને બાહ્ય યાત્રાને પૂર્ણ કરે છે અને ખરા અર્થમાં ત્યારે જ જીવનમાંથી જીવન પ્રગટે છે.

માલા કકકડ.મોરબી

★★★★★★★

**NOG NO.0059.**

વિષય મનુષ્ય નું જીવન
એટલે સત્ય,
પ્રેમ,લાગણી,
વિશ્રવાસ,શ્રધ્ધા
અને હુંફ.
પ્રકાર ગધ્ય.
શીર્ષક સર્વ ગૂણ
સંપ્પન,સર્વત્ર
પૂજ્યતે.
શબ્દો ૧૯૫.
જયકાન્ત ઘેલાણી
પ્યારે’.

આ સમગ્ર સૃષ્ટિના સર્જનહારે,તમામ જીવ
સૃષ્ટિ ને તેનાં પુર્વભવોના કર્મો અનુસાર તેને ધણું બધું છુટાં હાથે આપેલછે ,
તેમા માનવ જીવન શ્રેષ્ઠ છે ,જેને સારું નરસું વિચારવાની અગાઢ શકતિ આપીછે.
કંહેવાય છે કે સારી ક્વોલીટી ની મિંઠાઈ બનાવવા માટે ઊતમ પ્રકારના પ્રદાર્થો, વ્યંજનો આવશ્યક રહેછે, સાથે અનુભવી કારીગરોની હથરોટી પણ વિશેષ જરૂરી રહેછે.
ઊતમ માનવ જીવન બનાવવા ના આવશ્યક ગૂણો પણ જરૂરી, જેવા કે, સત્ત્ય,પ્રેમ લાગણી, વિશ્ર્વાસ, શ્રધ્ધા, હૂંફ, જેવાં ગૂણો જન્મજાત હોયકે,પોતે તે કેળવેલાં હોય અને તેનૉ સદ્ઊપયોગ કરવાની ઊતમ હથરોટી હોય, પછીતો , સમગ્ર માનવ જાત તેના વશ માં !
સર્વ ગૂણ સંમ્પન વ્યક્તિ જ સમાજ અને દેશ ની શાન ગણાયછે.
સર્વગૂણ સંપ્પન મા
ચાણક્ય પછી, પ્યારે આપણા વડાપ્રધાન,
શ્રી નરેન્દ્રભાઈ મોદી આજ ગણી શકાયછે.

પ્યારે’,સર્વગૂણ વ્યક્તિ
સર્વત્ર પૂજ્યતે.

જયકાન્ત ઘેલાણી
પ્યારે’.
બોરિવલી- મુંબઇ .

★★★★★★★

**NOG SS No.343**

વિષય :- મનુષ્યનું જીવન એટલે સત્ય પ્રેમ લાગણી વિશ્વાસ શ્રદ્ધા હૂંફ
શીર્ષક:- ઉજ્જવળ જીવન ઘડતર
પ્રકાર :-પધ શબ્દો:- ૬૫

હૈયેથી હુંફ આપી સંતાનોને જન્મથી માબાપથી મળે સુંદર જીવનનું ગણતર,
પરિવારનાં સાથ પ્રેમ સ્નેહ સિંચનથી જીવન ઉપવન બને ઉતમ જીવતર,
સત્યનાં સાથથી ચાલતાં સંકટ પછી જીવનમાં થશે શ્રેષ્ઠ ચણતર,
લાગણીમાં કરશો નહીં માંગણી તો જ પ્રત્યુતરમાં મળશે વ્યાજ સાથે વળતર,
કુદરત પર શ્રધ્ધા રાખી ચાલતાં જીવનપંથ બનશે નહીં કંટક કે કઠણરૂપે નડતર,
’ ચંદ્ર’ સૂર્ય પર્યાય બની સ્વાર્થહીન પ્રેરણાત્મક પ્રકાશથી કરે ઉજ્જવળ જીવન ઘડતર.
ચંદ્રકાન્ત હરિલાલ માઢક ’ચંદ્ર ’ રાજકોટ

# ૨૦૨૬ વિશ્વનું ભવિષ્ય ભાગ-૨

Yoggi Astrologyમાં આપ સૌનું સ્વાગત છે. મારા લેખ મુજબ લખ્યું હતું કે, બ્રેકીંગ ન્યુઝ જોવા મળશે તથા કોઈ દેશના રાજા માટે સમય સારો નથી. તેમાં પુતીનના ઘર ઉપર ડ્રોન હુમલો તથા વેનેઝુએલાના રાષ્ટ્રપતિને બંધક બનાવીને અમેરિકા લઈ ગયા. ૨ જાન્યુઆરી ત્રણ ગ્રહો વક્રી તથા મંગળ અસ્ત થતાં જ અમેરિકાએ મોટી ભૂલ કરી છે. મારા લેખ મુજબ ટ્રંપ (અમેરિકા) કોઈ મોટી ભૂલ કરશે તે સત્ય થઈ. આ ભૂલથી અમેરિકાની છાપ દુનિયામાં ઘણી ખરાબ થવાની છે. તેનાથી ઘણા દેશો સીધા સંબંધ કાપશે તેનાથી અમેરિકા અર્થવ્યવસ્થા હલશે. જેમ રાવણે સીતાનું હરણ તેમ ટ્રંપે વેનેઝુએલાના રાષ્ટ્રપતિનું અપહરણ સાથે તેની પત્નીનું પણ શું આ યોગ્ય છે?

ટ્રંપ પહેલેથી ત્રણ મહાસત્તા દેશને પોતાના પડોશી દેશ સાથે બીઝી કરી રહ્યા છે. જેમ કે ચીન-તાઈવાન, રશિયા-યુક્રેન, ભારત-પાકિસ્તાન/બાંગ્લાદેશ આ સમયનો લાભ લઈને વેનેઝુયેલા ઉપર હુમલો કર્યો.

૨૯ ડિસેમ્બર ૨૦૨૫ એ સૂર્ય, બુધ, શુક્ર, મંગળ, ચતુર્થ ગ્રહી યોગ બન્યો હતો, જે ૧૨ જાન્યુ-૨૦૨૬ સુધી ધનુ રાશીમાં બન્યો છે. ત્યારબાદ ફરીથી ૧૭ જાન્યુઆરી થી ૨ ફેબ્રુઆરી સુધી ચાર ગ્રહો સાથે રહેશે. જેની અસર વિશ્વ તથા વ્યક્તિગત ઉપર જરૂર પડશે. જે તેની શરૂઆત અમેરિકાએ કરી છે. આ ઉપરાંત ઘણી કુદરતી આપત્તિ થતી જોવા મળશે. જેમાં સુનામી, ફ્લડ્ર્સ, સાયક્લોન, ધરતીકંપ, લેન્ડસ્લાઈડ, ભારે સ્નો, મોટે ભાગે વિશ્વમાં પાણીથી તબાહી થતી જોવા મળશે. હાલ ચતુર્થ ગ્રહી યોગ ઉપર મિથુનના ગુરુની સાતમી દ્રષ્ટિ પણ પડે છે. સૂર્ય-મંગળની યુતિ ઉપર શનીની દ્રષ્ટિ હોવાથી વિશ્વમાં ઘણી જગ્યા ઉપર આગ લાગવાની ઘણી ઘટના બની છે. હજુ પણ આગની ઘટના તથા યુદ્ધના નવા મોરચા ઉત્પન્ન થતાં જોવા મળશે. ગનની ઘટના થતી જોવા મળશે. આતંકવાદી ઘટના પણ બનતી જોવા મળશે. સૂર્ય-મંગળ-બુધ-શુક્ર ઉપર શનીની દ્રષ્ટિ હોવાથી વિમાન ઘટના થતી જોવા મળશે. તેમાં કોઈ નેતા, અભિનેતા અથવા બીઝનેસમેનનું મૃત્યુ થશે. (નેતા - સૂર્ય, અભિનેતા - શુક્ર, બીઝનેસમેન - બુધ)

આ યુતીથી કોઈ અચાનક મોટું યુદ્ધ થાય તેમાં ઘણા લોકોનું મૃત્યુ થાય. આનો અર્થ થાય કે પાણી કે યુદ્ધથી પાણીની રેલ આવે અથવા લોહીની નદી વહે. આવનાર સમયમાં યુરોપ, સ્પેન, ગ્રીસ, હંગેરી, સાઉદી અરેબિયા, આફ્રિકા, મેક્સીકો, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઈરાન, અફઘાનિસ્તાન, કેનેડા, અમેરિકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન આ ઉપરાંત ભારતમાં નોર્થ એરિયામાં કુદરતી ઘટના, ધરતીકંપ, આતંકવાદી ઘટના, યુદ્ધ જેવી અવિશ્વસનીય ઘટના થતી જોવા મળશે.

ૅર ફ્રીષ્ઠ ૨૦૨૫થી ગુરુ ફરીથી મિથુન રાશીમાં આવ્યા પછી ફરીથી રાહુ ઉપર નવમી દ્રષ્ટિ થતાં વિશ્વમાં ફરીથી બિમારી શરૂ થઈ. તેમાં ૅર ફ્રીષ્ઠ ૨૦૨૫ પછી તમે જોશો કે શરદી, કફ, તાવ તથા હાલ ઈંદોરમાં પાણીથી ભયંકર બીમારી શરૂ થઈ, તેમાં ઘણા લોકોનું મૃત્યુ થયું છે. જ્યારે ગુરુની રાહુ દ્રષ્ટિ થાય ત્યારે રોગો ઉત્પન્ન થાય છે. ૨૦૨૬માં હજુ ઘણી નવી બિમારી જરૂર જોવા મળશે. ફરીથી માસ્કનો અમલ થશે.

આ ચાર ગ્રહોની યુતીથી ઓટો ઈન્ડસ્ટ્રીઝ, ટ્રાન્સપોર્ટ, એવીએશન, સ્પેસ એક્સપ્લોરેશન, કાર્ગો, જંગલમાં આ દરેક જગ્યા ઉપર કંઈ નેગેટિવ સમાચાર મળશે. ૨૦૨૬માં વિશ્વમાં ભયંકર મંદી થતી જોવા મળશે. સ્ટૉક માર્કેટ ઉપર ધ્યાન આપવું. જ્યારે ગોલ્ડ, સિલ્વર, કોપર જેવી જગ્યા ઉપર રોકાણ કરવું સારું રહેશે. આ ઉપરાંત એન્જિનિયર, છૈં, ન્હ્રુજ, જસ્ટિસ, કોર્ટ વગેરે જગ્યા ઉપર ઘણું પરિવર્તન થતું જોવા મળશે.

શનીદેવ માર્ગી ૨૭ જુલાઈ ૨૦૨૬ સુધી બની રહેશે. આ સમય દરમ્યાન વિશ્વમાં અન્ય દેશો સાથે થયેલા જુના કરાર તૂટશે. ફરીથી નવા કરાર થશે. આથી વિશ્વના દેશોમાં ભાગ પડતા જોવા મળશે. વિશ્વમાં પડોશી દેશો સાથે બોર્ડર પ્રોબ્લેમ ચાલી રહી છે, તે ઉગ્ર થતી જોવા મળશે. આથી બધા દેશોના લોકોમાં સ્અ ર્ક્ષેહંઅ હ્રૈજિં ભાવના જોવા મળશે. આથી બોર્ડર ઉપર તણાવ થતું જોવા મળશે. આ સમય દરમ્યાન હેલ્થ સેક્ટરમાં નવી ટેક્નોલૉજી જોવા મળશે. મીન રાશીમાં લોકોમાં માનવતા વધતી જોવા મળશે. ઘણી બેંક નબળી થતી જોવા મળશે. આ સમય દરમ્યાન દ્વી-ર્દ્વજ્ઞંઙ્ઘૈંર્ડૈંહ થતું જોવા મળશે. તમે જોયું હશે કે અમેરિકાએ આ ત્રણ દેશોએ ઓઈલ બિઝનેસ ડોલરમાં ન કરતા ત્યાં સત્તા તોડી પાડી, જેમાં ઈરાક, લીબીયા, હાલ વેનેઝુએલા. પરંતુ હવે અમેરિકાની મનમાની ચાલશે નહીં. અમેરિકાની આ ભૂલથી વિશ્વમાં તેના ડોલર સાથે ધીમેધીમે બિઝનેસ બંધ પડતો જોવા મળશે. અમેરિકાની ધમકી તમારા ડોલર સીઝ કરી લઈશું. મીન શની અમેરિકાનું સન્માન તોડશે.

આપણે બેકમાં જઈએ તો, જ્યારથી શની મીન રાશીમાં (૨૯ માર્ચ ૨૦૨૫) આવ્યા પછી એપ્રિલ થી જુલાઈ વચ્ચેની ઘટનામાં ટ્રંપે ટૅરિફ ટેક્સ, ઈઝરાયલ-ઈરાન યુદ્ધ, પેલેસ્ટાઈન ઘટના, પહેલગામ એટેક, ઓપરેશન સિંદૂર, બાંગ્લાદેશમાં ઘટના એ એક નાનું પિક્ચર હતું. હવે આ ઘટનાનું ફરીથી મોટું પિક્ચર શરૂ થશે. ટૅરિફ ટેક્સ બાદ હવે તેની અસર વિશ્વમાં મંદી લાવશે. આવનાર મીન શની દ્વરિીહિ છીક્ઠ માં કુદરતી આપત્તિ ઘણી લાવશે. ફરીથી અલાસ્કામાં ૯.૦ની તીવ્રતાવાળો ધરતીકંપ થશે. વિશ્વમાં ઘણા લોકોની જોબ જશે.

અમેરિકામાં કુદરતી આપત્તિથી ઘણા લોકોની જાન જશે. યુરોપમાં આગ, ચક્રવાત, તોફાન જેવી ઘટના થતી જોવા મળશે. ઉત્તર ગોળાર્ધ (ઙ્મીદ્બૈજૅરીાિ) તથા જીૅર જીદ્બૈજૅરીાિમાં આગ લાગવી. લેન્ડસ્લાઈડથી નુકસાન થશે. ભારત-પાકિસ્તાન/બાંગ્લાદેશ વચ્ચેની સંભાવના બનતી જોવા મળે છે. પહેલગામ જેવી ઘટના ફરીથી મોટા પાયા ઉપર થશે. અમુક જગ્યા ભારે વરસાદ પડશે. અમુક જગ્યા ન વરસાદથી અનાજની કમી થશે. આ ઉપરથી કહેવું છે કે, જ્યારે શની મીન રાશીમાં આવ્યો ત્યારે જે ઘટના બની હતી, તેવી ઘટના ફરીથી રીપીટ થતી જોવા મળશે. આમ શની ઉપરથી તથા સૂર્ય-મંગળ-બુધ-શુક્ર ચતુર્થ ગ્રહ યુતી. ૧૪ ફેબ્રુઆરીથી સૂર્યમંગળ રાહુ સાથે યુતી. ૧૫ માર્ચ સૂર્ય મંગળ શની સાથે આ ગંભીર યોગથી વિશ્વમાં તથા વ્યક્તિગત જીવન ઉપર તેની ગંભીર અસર થશે.

સૂર્ય-મંગળ હોવાથી સ્ફોટક ઘટના થતી જોવા મળશે. કોઈ આર્મી કેમ્પ ઉપર હુમલો થાય, વિમાનમાં આગ, જંગલ આગ, ગનની ઘટના, લાવા ફરીથી એક્ટિવ. અકસ્માત નેતા ૨૦૨૬, ૨૦૨૫ કરતા વધારે એગ્રેસીવ બનશે. વિશ્વ કલ્યાણ થાય તથા વિશ્વમાં શાંતી રહે. એવી પ્રાર્થના.

Yoggi Astrology ની મુલાકાત લઈ તમારા જીવનની સમસ્યા માટે જરૂરથી મુલાકાત લેશો. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ તથા www.yogiastrology.ca ઉપર જશો.

Yoggi Astrology
Yogesh Gandhi (M.Sc., B.Ed)
Brampton, ONT, CANDA.
+1-647-286-3734




www.yogiastrology.ca.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat